મુખ્યમંત્રી નિવાસસ્થાન માટે કેજરીવાલનો ઈનકાર

સુરક્ષા બાદ હવે બંગલાની ઓફર ફગાવી : કેજરીવાલના મુખ્ય સેક્રેટરી તરીકે રાજેન્દ્રકુમારની વરણી રાષ્ટ્રપતિએ કેજરીવાલની નિમણૂંકને અંતે મંજૂરી આપી

નવી દિલ્હી,તા.૨૪

અરવિંદ કેજરીવાલ

દિનપ્રતિદિન ભારે ચર્ચામાં આવી રહ્યા છે. સુરક્ષાની બાબતને ફગાવી દીધા બાદ હવે અરવિંદ કેજરીવાલે હવે મુખ્યમંત્રીના બંગલામાં રહેવા જવાનો ઈનકાર કરી દીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેજરીવાલે ગઈકાલે હાઈસિક્યોરિટી કવર લેવાનો પણ ઈન્કાર કરી દીધો હતો. કેજરીવાલના આ પ્રકારના વલણથી સુરક્ષા સંસ્થાઓમાં પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળવા જઈ રહેલા અરવિંદ કેજરીવાલે સત્તાવાર આવાસને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. આજે સવારે દિલ્હીના મુખ્ય સચિવ ઓફર સાથે તેમની પાસે આવ્યા ત્યારે સરકારી હોદ્દાની સૌથી મોટી રાહત પૈકીની એક એવી સત્તાવાર આવાસની ઓફરને ફગાવી દીધી હતી. દિલ્હીના મુખ્ય સચિવ કેજરીવાલને મળ્યા હતા અને શપથવિધી માટેની તૈયારીના પાસા ઉપર ચર્ચા કરી હતી. સાથે-સાથે રાજ્ય કેબિનેટના સભ્યોના નામ અંગે પણ માહિતી મેળવી હતી.

કેજરીવાલે તેમના મુખ્ય સચિવ તરીકે આઈએએસ ઓફિસર રાજેન્દ્રકુમારની નિમણૂંક કરી છે. દરમિયાનમાં પ્રણવ મુખર્જીએ દિલ્હીના સાતમા મુખ્યમંત્રી તરીકે અરવિંદ કેજરીવાલની નિમણૂંક આડેની અડચણો દૂર કરી દીધી હતી. ટેલિવીઝન અહેવાલ મુજબ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ગૃહ બાબતોના મંત્રાલયના સંયુક્ત સચિવના સ્તર સુધી નિમણૂંક પત્ર મોકલી દીધો છે. આમ આદમી પાર્ટીએ સોમવારના દિવસે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સરકાર રચવાનો દાવો કર્યો હતો અને આજે કેબિનેટના નામ ઉપર ચર્ચા થઈ હતી. કેજરીવાલે ગઈકાલે જ દિલ્હી પોલીસ દ્વારા પૂરી પાડવામાં આવનાર હાઈસિક્યોરિટી લેવાનો ઈન્કાર કરી દીધો હતો. દિલ્હી પોલીસને લખવામાં આવેલા પત્રમાં કેજરીવાલે કહ્યું હતું કે, સુરક્ષાની ઓફર કરવા બદલ હું આભાર માનું છું પરંતુ તેમને સુરક્ષાની કોઈ જ જરૂર નથી. કોઈપણ એસકોર્ટ અથવા પીએસોઓની તેમને જરૂર નથી.

કેજરીવાલના નિર્ણયથી પોલીસની ઊંઘ હરામ

સુરક્ષા લેવા ઈન્કાર કરતા ચિંતા : મુખ્યમંત્રી માટે સુરક્ષા ખૂબ જરૂરી હોવાની પોલીસની વિનંતીને પણ કેજરીવાલે ફગાવી

નવી દિલ્હી,તા.૨૪

અરવિંદ કેજરીવાલે સુરક્ષા લેવાનો ઈન્કાર કરી દીધા બાદ દિલ્હી પોલીસની ઊંઘ હરામ થઈ ગઈ છે. કેજરીવાલની સુરક્ષા વધારવા માટે પોલીસ હવે વધારે સાવધાન થઈ ગઈ છે. સોમવારના દિવસે સુરક્ષા લેવાનો કેજરીવાલે ઈન્કાર કરી દઈને પોલીસની ચિંતા વધારી હતી. જોકે, કેજરીવાલને સુરક્ષા લેવા માટે આજે ફરી વિનંતી કરવામાં આવી હતી. બીજી બાજુ પોલીસના વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે, જો કેજરીવાલ સુરક્ષા લેશે નહીં તો ગૃહ મંત્રાલયને ઉભી થયેલી તમામ પરિસ્થિતિથી વાકેફ કરવામાં આવશે. દિલ્હી પોલીસના ટોચના અધિકારી જેકે શર્માએ કહ્યું હતું કે, પોલીસ અધિકારી વી રંગનાથનની દેખરેખ હેઠળ પોલીસની ટીમ ગઈકાલે કેજરીવાલને મળી હતી. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, કેજરીવાલ સમક્ષ સુરક્ષા લેવાની વિનંતી કરવામાં આવી હતી. એવી રજુઆત પણ કરવામાં આવી હતી કે, મુખ્યમંત્રી માટે સુરક્ષા ખૂબ જરૂરી છે. પરંતુ કેજરીવાલે સુરક્ષાની ઓફરને ફગાવી દીધી હતી. અરવિંદ કેજરીવાલ માટે ઝેડ કેટેગરીની સુરક્ષા આપવાની રજુઆત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીને દિલ્હી પોલીસ હજુ સુધી ઝેડ કેટેગરીની સુરક્ષા ઉપલબ્ધ કરાવતી રહી છે. આવી સ્થિતિમાં તેમને ઝેડ કેટેગરીની સુરક્ષા આપવી અમારી ફરજ છે.

સરદાર પટેલ મુસ્લિમોના વિરોધી ન હતા : અડવાણી

ઈસ્લામિક સ્કોલર-કોંગ્રેસના નેતાના પુસ્તકમાં કરાયેલા દાવાને ફગાવ્યો : પુસ્તકમાં નિવેદનને લઈને ભારે વિવાદ

નવી દિલ્હી,તા.૨૪

ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણીએ આજે દાવો કર્યો હતો કે, સરદાર પટેલ મુસ્લિમ વિરોધી ન હતા. સરદાર પટેલ મુસ્લિમ વિરોધી હોવાના આક્ષેપોને અડવાણીએ ફગાવી દીધા હતા. પોતાના બ્લોગમાં અડવાણીએ હાલમાં જ પ્રકાશિત થયેલા અહેવાલો અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, સરદાર પટેલ મુસ્લિમ વિરોધી હતા. આ લેખમાં જવાહરલાલ નેહરુને બિનસાંપ્રદાયિક રાષ્ટ્રવાદના પ્રતિક તરીકે ગણાવવામાં આવ્યા હતા. આર્ટીકલમાં જણાવવામાં આવ્યું હતું કે, સરદાર પટેલ મુસ્લિમ વિરોધી હતા. આજ કારણસર સંઘ પરિવારના લોકો તેમની પૂજા કરે છે અને જવાહરલાલ નેહરુની સતત ટિકા કરે છે. પીઢ ભાજપના નેતાએ આ પ્રકારના અહેવાલોને સંપૂર્ણ રદીયો આપ્યો હતો. નેશનલ મેગેઝીનમાં પ્રકાશિત થયેલા અહેવાલોને સ્પષ્ટપણે ફગાવી દઈને અડવાણીએ આની સામે વાંધો ઉઠાવ્યો હતો. સરદાર પટેલ અને ભારતીય મુસ્લિમો અંગે તેમના ભાષણ પર આધારિત રફીક જાકરીયાના પુસ્તકનો ઉલ્લેખ કરતાં અડવાણીએ કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા પણ માનતા હતા કે, પેલ મુસ્લિમો સાથે ખરાબ વર્તન કરતા નથી. જાકરીયાના પુસ્તકને લઈને ભારે હોબાળો મચે તેવી શક્યતા છે. ઈસ્લામીક સ્કોલર અને કોંગ્રેસના નેતા રફીક જાકરીયાએ લોખંડી પુરૂષ અંગે રિસર્ચ કર્યા બાદ તેમના તારણો જારી કરતાં અડવાણીએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. જાકરીયાનું કહેવું છે કે, પટેલ કોઈપણ શંકા વગર મુસ્લિમ વિરોધી હતા. તેમની યાદમાં કેટલીક બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જાકરીયાનું એમપણ કહેવું છે કે, ભારતના ભૂતપૂર્વ સોલીસીટર જનરલ ફલી નરીમન દ્વારા પણ કેટલીક બાબતોનો ઉલ્લેખ કરાયો છે.

સોનિયા-રાહુલ ગાંધી સામે બાબા રામદેવ પ્રચાર કરશે

નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તેવી ઈચ્છા : ૨૦૧૪ની ચૂંટણી બાદ કોંગ્રેસ ઈતિહાસ બની જશે અને જમીન મામલામાં રોબર્ટ વાઢેરા જેલ ભેગા થશે : રામદેવ

નવી દિલ્હી,તા.૨૪

યોગગુરુ બાબારામદેવે જાહેરાત કરી છે કે તેઓ આગામી લોકસભાની ચૂંટણીમાં યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની સામે પ્રચાર કરશે. સોમવારે મોડી રાત્રે રાજ્યના પાટનગરમાં એક કાર્યક્રમમાં બાબા રામદેવે જાહેરાત કરી હતી કે તેઓ અમેઠી અને રાઈબરેલીમાં સક્રિય રીતે પ્રચાર કરશે. આ બંને બેઠક ક્રમશ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના સંસદીય મત વિસ્તારની બેઠક છે. આ બંનેને હરાવવા માટે તેઓ ચૂંટણી પ્રચાર કરશે. બાબા રામદેવે કહ્યું હતું કે તેઓ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની તરફેણમાં પ્રચાર કરવા ઈચ્છુક છે. ભારતના વડાપ્રધાન પદે નરેન્દ્ર મોદી બેસે તેમ તેમની ઈચ્છા છે. તેમને એમ પણ કહ્યું હતું કે તેઓને નરેન્દ્ર મોદીમાં સંપૂર્ણ વિશ્વાસ છે પરંતુ ઉમેર્યું હતું કે તેમનો ટેકો મોદીને છે. ભાજપને નથી. મોદી વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ૩૦૦ સીટ સાથે સત્તા ઉપર આવે તેમ તેઓ ઈચ્છે છે. યોગગુરુએ એમ પણ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી સામાન્ય ચૂંટણીમાં પણ ફેંકાઈ જશે. કોંગ્રેસ પાર્ટી ભૂતકાળ બની જશે.

૨૦૧૪ની ચૂંટણી બાદ કોંગ્રેસની હાલત વધારે કફોડી થનાર છે. બાબા રામદેવે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે રોબર્ટ વાઢેરાએ હરિયાણામાં જમીન કબજે કરીને કરોડો રૂપિયા ઊભા કરી લીધા છે. કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર દૂર થયા બાદ વાઢેરા પણ જમીનના મામલામાં સળિયા પાછળ જશે. સમાજવાદી પાર્ટી અને તેના દેખાવ અંગે બાબા રામદેવે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. રામદેવના ભૂતકાળમાં સપાના વડા મુલાયમસિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ સાથે ખૂબ સારા સંબંધ રહ્યા છે. રામદેવે રાજકારણમાં સામેલ થઈને ચૂંટણી મેદાનમાં ઉતરવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ ક્યારેય પણ ચૂંટણી લડશે નહીં. રામદેવ અનેક વખત છેલ્લા બે વર્ષના ગાળામાં વિવાદના ઘેરામાં રહ્યા છે. તેમના ઉપર અને તેમના પતાંજલિ યોગા આશ્રમ ઉપર ૧૦૦ કેસ કરવામાં આવી ચૂક્યા છે.

તવાંગમાં હેલિકોપ્ટર સેવા પુનઃ શરૂ થઈ

૩૧ મહિના બાદ સેવા ફરી શરૂ : પ્રવાસીઓનો ધસારો વધે તેવા સ્પષ્ટ સંકેત

ઈટાનગર,તા.૨૪

૩૧ મહિનાના લાંબાગાળા બાદ ચીન સાથેની સરહદ ઉપર તવાંગ જિલ્લામાં ફરીવાર હેલીકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી છે. પવનહંસ હેલિકોપ્ટર લિમીટેડ દ્વારા તેની સેવા ફરી કરવામાં આવી છે. આની સાથે જ યાત્રીઓને મોટી રાહત થઈ છે. નહારલાગન, ગુહાટી, તવાંગમાં તેની યાત્રી સેવા પવનહંસ દ્વારા ફરી શરૂ કરવામાં આવી છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આ સર્વિસ સપ્તાહમાં બે વખત ઓપરેટ થશે જેમાં સોમવાર અને શુક્રવારનો સમાવેશ થાય છે. તવાંગના ડેપ્યુટી કમિશનર અભિષેક દેવ, અન્ય ટોચના અધિકારીઓએ આજે તવાંગમાં હેલિપોર્ટ ખાતે શરૂઆતી સેવાના યાત્રીઓ અને કર્મચારીઓનું સ્વાગત કર્યું હતું. હેલિકોપ્ટર સેવા પુનઃ શરૂ થયા બાદ આ જિલ્લામાં પ્રવાસીઓનો ફરી એકવાર જોરદાર ધસારો જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. સાથે-સાથે સ્થાનિક અર્થતંત્રને પણ ફાયદો થશે. અધિકારીઓનું કહેવું છે કે, આ સેવાથી જિલ્લાના નાગરીકોને રાહત થશે. અગાઉ બિમારીઓથી પીડિત લોકોને તકલીફ થઈ રહી હતી. માર્ગ મારફતે જવાથી ઘણો સમય લાગતો હતો. હેલિપેડ ખાતે પણ ખાસ પુજા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પવનહંસ હેલિકોપ્ટરની સેવા પમી મે ૨૦૧૧ના દિવસે બંધ કરવામાં આવી હતી. બે હેલિકોપ્ટર દુર્ઘટનાના કારણે આ સેવા બંધ કરાઈ હતી. ૧૯મી એપ્રિલ ૨૦૧૧ના દિવસે એમઆઈ-૧૭૨ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થતાં ૧૭ના મોત થયા હતા.

બંડખોરોની હુમલાની ધમકી બાદ બિહારમાં સઘન સુરક્ષા

પોલીસ સ્ટેશન અને જેલને ટાર્ગેટ બનાવી શકે : ઈન્ટેલીજન્સ સંસ્થાઓની ચેતવણી બાદ મજબુત સુરક્ષા પટણા, મુઝ્ઝફરપુર, ભાગલપુરમાં સાવચેતીના પગલા

પટણા,તા.૨૪

માઓવાદીઓ દ્વારા હુમલા કરવાની ચેતવણી આપવામાં આવ્યા બાદ બિહારમાં તમામ પોલીસ સ્ટેશન અને જેલની આસપાસ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. પોલીસે આજે માહિતી આપતાં કહ્યું હતું કે, માઓવાદીઓ તેમના મજબુત ગઢ ગણાતા વિસ્તારમાં આ જગ્યાઓ ઉપર હુમલા કરી શકે છે તેવી ઈન્ટેલીજન્સ સંસ્થાઓની માહિતી બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ રવિન્દર કુમારે કહ્યું છે કે, પટણા, મુઝ્ઝફરપુર અને ભાગલપુર જિલ્લામાં આવેલી જેલ પર હુમલો કરવાની માઓવાદીઓએ ચેતવણી આપી છે. ગિનીયર લીડર સહિત ડઝનથી વધુ માઓવાદીઓ પટણાની બેઉર જેલમાં છે અને ભાગલપુર અને મુઝ્ઝફરપુરમાં સેન્ટ્રલજેલમાં પણ મોટી સંખ્યામાં માઓવાદીઓ જેલમાં છે. આવી સ્થિતિમાં હુમલાનો ખતરો તોડાઈ રહ્યો છે. માઓવાદીઓ તેમના સભ્યોને છોડાવવા માટે આ જેલને ટાર્ગેટ બનાવી શકે છે. પોલીસ અધિકારીઓના કહેવા મુજબ તમામ પોલીસ સ્ટેશન જે જેલની નજીક છે ત્યાં હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે. અગાઉ ઈન્ટેલીજન્સ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું

કે,પ્રતિબંધીત માઓવાદીઓ હુમલાની યોજના ધરાવે છે. અત્રે નોંધનીય છે કે, નવેમ્બર ૨૦૦૫માં બિહારમાં માઓવાદીઓએ મોટો હુમલો કર્યો હતો. એ ગાળામાં ૩૮૦ કેદીઓને જેહાનાબાદ જેલમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા. મોડેથી ૩૦૦ કેદીઓ જેલમાં પરત ફર્યા હતા અથવા તો તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. માઓવાદીઓની ચેતવણી બાદ સાવચેતીના પગલા લેવાયા છે.

બજારમાં ફરી મંદી : ૬૮ પોઈન્ટનો નજીવો ઘટાડો

મુંબઈ,તા.૨૪

શેરબજારમાં આજે મંદીનું મોજું ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૬૮ પોઈન્ટ ઘટીને ૨૧૦૩૩ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રાડે દરમિયાન સેન્સેક્સ ૨૧૦૧૦ની સપાટીએ પહોંચી ગયો હતો. બીજી બાજુ ૫૦ શેર નિફ્ટીમાં ૧૬ પોઈન્ટનો ઘટાડો થતાં તેની સપાટી ઈન્ટ્રાડેવેળા ૬૨૬૨ સુધી પહોંચ્યા બાદ ૬૨૬૮ની સપાટીએ રહી હતી. એશિયનબજારમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જાપાનમાં શેરબજારમાં ૬ વર્ષની ઊંચી સપાટી જોવા મળી હતી. નિક્કીમાં ૦.૧૨ ટકાનો સુધારો થયો હતો.

શાંઘાઈ કમ્પોઝીટ, હેંગસેંગ, સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૧-૧.૧ટકા વચ્ચેનો સુધારો થયો હતો. ઘરઆંગણે બીએસઈ મેટલ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. કેપિટલ ગુડ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલમાં સુધારો રહ્યો હતો. એચડીએફસી બેંક, એચડીએફસીના શેરમાં ૧.૨ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. આ શેરે સેન્સેક્સને નીચી સપાટી ઉપર લઈ જવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. સેસા સ્ટરલાઈટમાં ૨.૩ ટકાનો ઘટાડો થયો હતો. સીબીઆઈનું કહેવું છે હિન્દુસ્તાનઝીંકમાં તેની ખરીદારીમાં ગેરરીતીના મામલામાં તપાસ શરૂ કરવામાં આવી છે. સેન્સેક્સના અન્ય જે શેરમાં આજે સુધાર થયો હતો તેમાં એલએન્ટી, બજાજ ઓટોનો સમાવેશ થાય છે. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો.

અમેરિકા : બરફના તોફાનથી લોકોની હાલત ખૂબ કફોડી

અમેરિકન લોકોની રજાઓ બગડી : પ્રતિકુળ હવામાનના લીધે શ્રેણીબદ્ધ ફ્લાઈટો રદ થઈ : જનજીવન ખોરવાયુ : ક્રિસમસ પહેલા લોકો અંધારપટ હેઠળ

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકામાં નાતાલ એટલે કે ક્રિસમસના પહેલાંજ લોકોઅંધારપટમાં મુકાઈ ગયા છે. અમેરિકામાં બરફના તોફાનથી લોકોની હાલત અત્યારે કફોડી બનેલી છે. જેના કારણે અમેરિકન લોકોની નાતાલની રજાઓ બગડી હોવાનું જાણવા મળ્યું છે. પ્રતિકુળ હવામાનના લીધે શ્રેણીબદ્ધ ફ્લાઈટો પણ રદ કરવાની ફરજ પડી છે અને બરફના તોફાનના કારણે જનજીવન ખોરવાઈ પડ્યું છે. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા અનુસાર, અમેરિકનો પોતાના ક્રિસમસ હોલીડે ડેસ્ટિનેશન પર જવા પૂર,ટોર્નેડો અને બરફના તોફાનોજેવી કુદરતી આફતોનો એકસાથે સામનો કરી રહ્યા છે. પ્રતિકૂળ હવામાનને કારણે અનેક ફ્લાઈટો રદ કરાઈ છે અને ઘણી બધી ફ્લાઈટો મોડી પડી હોવાનું જાણવા મળેલ છે. દેશનો પૂર્વીય ભાગ ક્રિસમસ આવતા પહેલા જ શિયાળાની પકડમાં આવી ગયો છે. સોમવાર સુધી આ વિસ્તારમાં શિયાળો રસ્તા અને હવાઈ માર્ગો પર તેનો રંગ દેખાડી રહ્યો છે. જ્યારે લાખો લોકો વર્ષના આ સૌથી વ્યસ્ત એવા મુસાફરીના સમયગાળામાં વ્યસ્ત છે.યુએસએના એક અગ્રણી સર્વે એજન્સીના પ્રમાણે ૦.૫ કરોડ લોકો આ વર્ષે ફેસ્ટિવ સીઝનમાં પોતાના સગાઓને મળવા પરિવહન કરશે. ફ્લાઈટ અવેરના જણાવ્યા પ્રમાણે આજે ૬૩૯ ફ્લાઈટો રદ કરવાની ફરજ પડી છે.

નિતિશની હત્યા મોદીના હાથે જ થશે : ગિરીરાજનું નિવેદન

ગિરીરાજના નિવેદનથી ભારે વિવાદ છેડાયો : ભુલથી વિવાદાસ્પદ નિવેદન થઈ જતાં આખરે ગિરીરાજને પણ શબ્દો અંગે તાત્કાલીક સ્પષ્ટીકરણ કરવા ફરજ પડી

વૈશાલી,તા.૨૪

ભાજપના વરિષ્ઠ નેતા ગિરીરાજસિંહે બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારની સામે વિવાદાસ્પદ નિવેદન કરીને ભારે વિવાદ છેડી દિધો છે. વૈશાલી જિલ્લામાં એક જનસભાને સંબોધતાં ભાજપ-જેડીયુ ગઠબંધન દરમિયાન રાજયના પશુપાલન પ્રધાન રહી ચુકેલા ગિરીરાજસિંહથી ભુલથી એમ કહેવાઈ ગયું હતું કે, નિતિશકુમારની હત્યા નરેન્દ્ર મોદીના હાથે થશે. અલબત્ત ગિરીરાજસિંહનો સંદર્ભ નિતિશકુમારના રાજકીય સફાયા સાથે હતો અને મોડેથી તેઓએ આ અંગે ખુલાસો પણ કર્યો હતો. ગિરીરાજસિંહે પંચાયત પ્રતિનિધિઓને સંબોધતા કહ્યું હતું કે, નિતિશકુમારના ખાતમા માટે તેમની પાર્ટીને બિહારની તમામ ૪૦ બેઠકો ઉપર હાર આપવી જરૂરી છે. કારણકે, નિતિશકુમારનુ મન આ ૪૦ લોકસભા સીટમાં અટકેલુ છે. ત્યારબાદ તેમણે કહ્યું હતું કે, નિતિશકુમારની હત્યા નરેન્દ્ર મોદીના હાથે થશે. ગિરીરાજના આ નિવેદન બાદ જેડીયુના નેતા અલિઅનવરે તેમની ટીકા કરી હતી. નિવેદન બાદ ફસાઈ ગયેલા ગિરીરાજસિંહે ખુલાસો કરતા

કહ્યું હતું કે, તેઓએ સમગ્ર સીડી નિહાળી નથી. કોઈ શબ્દ રહી ગયા હશે તો તેઓ શબ્દ પાછા લે છે. તેમનો કહેવાનો મતલબ એ છે કે, નિતિશકુમારની રાજકીય હત્યા મોદીના હાથે થશે. જ્યારે તેઓ બિહારમાં ૪૦ પૈકીની ૪૦ સીટો જીતશે. આ પ્રથમ વખત નથી જ્યારે ગિરીરાજસિંહે નિતિશકુમારની સામે આ પ્રકારનું વિવાદાસ્પદ નિવેદન કર્યું છે.આ અગાઉ ગિરીરાજસિંહે આક્ષેપ કર્યો હતો કે, નિતિશકુમાર વારંવાર ઈગો રાખનાર કોઈ ગ્રામીણ મહિલાની જેમ છે અને ગ્રામીણ મહિલાની જેમ જ મોદી સાથે વર્તન કરી રહ્યા છે.

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

મમ્મી, મારા પપ્પા તો દર વર્ષે કહેતા અરે નવું વર્ષ પરિવાર સાથે ઉજવ. તને નાચવાનો શોખ છે તો સોસાયટીમાં ન્યૂ યર સેલિબ્રેટ કરીએ. ડી.જે. લાવીશું, બધાં પાડોશી-મિત્રો ભેગા થઈને ન્યૂ યરને વેલકમ કરીશું. તું નજર સામે રહીશ તો અમનેય ટેન્શન નહીં રહે!! હાં એમની જૂનવાણી અને બીકણ લાગેલી વાતો પણ આજે એમની બીક સાચી પડી છે.

મમ્મી એક મિનિટ હાં, મારી બાજુની પથારીમાં લોહીલુહાણ પડેલો છોકરો મને કંઈક કહેવા માંગે છે. અરે તું તો ગઈકાલે પાર્ટીમાં હતો એજ ને? અને તેં તો મને ડ્રીંક્સ લેવાની ના પાડેલી, તેં જ મને દારૂ માટે રોકેલી, મારાં ગ્રુપમાં મિત્રો માટે ય તેઓ સારાં નથી એમ કીધેલું, એમને એકાંતના મળે એનું ધ્યાન રાખજે, પણ તને શું ખબર કે મારાં પર દારૂના નશા કરતાંય ઉન્માદનો, યુવાનીનો, મોર્ડનનો નશો સવાર હતો. જવા દે મારી વાત પણ તુ અહીં કેમ પડ્યો છે, ડૉકટર કહેતા હતા કે તારી બચવાની શક્યતા નથી...

'હું ગઈકાલે પાર્ટીમાં જ હતો અને મેં પીધો પણ નહોતો, દારૂ ના પીતાં એન્જોય કરાય એવી શિખામણ મમ્મીની મારાં કાનમાં જ હતી. વેલકમ ૨૦૧૪નાં ધૂમધડાકાં થયા, બધાએ 'ઉપ્પી ન્યૂ યર' ની વીશ કરી અને હું સ્વસ્થ પણે ધૂમ-૩ ની ધૂન પર 'ધૂમ મચાલે, ધૂમ ચલાવે, ધૂમ' ગાતો ગાતો મારી કાર પાસે પહોંચ્યો એટલામાં સામેથી આવેલી ધૂમ સ્ટાઈલની કારે મને અડફેટે લીધો, પીને ટાઈટ થયેલા ગાડીવાળા દેકારો કરતાં ભાગી ગયા. માથામાંથી લોહીનો ફુવારો ફુટ્યો, સામે નશામાં ઊભેલા પોલીસે જ ૧૦૮ બોલાવી અને બબડ્યો કે સાલો આતો મરશે જ... મારો કોઈ વાંકગુનો નહોતો, ડૉકટરે કીધું છે કે બચવાનાં કોઈ ચાન્સ નથી, સવારે પી.આઈ. બોલેલાં કે જે છોકરાઓએ તારૂં સામુહિક ભોજન કર્યું છે એમણે જ ભાગવાની લ્હાયમાં મનેય આંટી દીધો છે...

મમ્મી સાંભળે છે ને તું પેલો વગર વાંકગુને દારૂના નશામાં ચૂર થયેલાનો ભોગ બન્યો, મમ્મી એની ડોક નમી પડી છે... મમ્મી, પપ્પા તો કાયમ કહેતા 'એન્જોય ધ થર્ટી ફર્સ્ટ, બટ સેફ્ટી ફર્સ્ટ', બેટા જગતનાં દરેત પુરૂષની અંદર એક શેતાન વસે છે, એટલે સગા બાપ કે ભાઈની સાથે પણ એક જ પલંગ પર રાત્રે એકાંતમાં સુવામાં જોખમ છે, જયારે તું તો તારા મિત્રો સાથે પાર્ટીમાં જાય છે ત્યારે સેફ્ટી રાખવી, કોઈ મોટી ગિફ્ટ આપે, લાગણી જતાવે, મોબાઈલ રિચાર્જ કરાવી આપે, વાહન પર લિફ્ટ આપે તો ચેતતા રહેવું, બાકી લક્ષ્મણરેખા તો નિમિત્ત છે અને રાવણો જથ્થાબંધમાં હાજર છે. સહન તો યુવતીઓને જ કરવાનું આવશે, જો બેટાં જે યુવતી પર અત્યાચાર થયો એનું નામ સૌને ખબર છે, કરનારાનું કેટલાં ને ખબર છે? યુવાનો તો બે ચાર દિવસમાં બીજી યુવતી મેળવી લેશે.' મમ્મી ફ્રેન્ડલી રહેતા મારા પપ્પા કેટલાં સાચા હતા અને હું એમને ડરપોક અને ઓર્થોડોક્સ સમજતી...

મમ્મી ઠોકર વાગે તો માણસ ઉભો થઈ જાય, પણ મેં તો જાણી જોઈને મોતનાં કુવામાં છલાંગ મારી છે. શું તમારી પાસે માફી માંગુ? શું દલીલો અને શું લૂલો બચાવ કરૂં? વાંક કોનો? તમારો કે મિત્રોમાં મુકેલાં વિશ્વાસનો? મમ્મી તેં તો મારૂં નામ સરસ મજાનું મનસ્વી રાખેલું પણ મારો તો એવો સ્વભાવ બની ગયો. તમારાં જેવા મમ્મી-પપ્પા દરેક દીકરીઓને ફ્રીડમ આપે છે, પણ અમે એનો દુરપયોગ કરીએ છીએ, મમ્મી 'દીકરી સાપનો ભારો' ની કહેવત પર આપણે કેટલી ઉગ્ર ચર્ચા કરેલી, પણ આજે... મિત્રોની હસવનો ભોગ બનેલી હું મજબૂર-મનસ્વી તારી દીકરી તૂટી ચૂકી છે અને તમને ચહેરો બતાવવાની હિંમત હારી ચૂકી છે. મારી આ દુઃખદ ઘટના જરૂરથી બધાંને કહેજે કદાચ કોક દીકરી સુધરશે તો મારૂં મોત સુધરશે, ના મમ્મી આવું સેલિબ્રેશન ના જ જોઈએ, બાય, મમ્મી, જાઉં છું સોરી...!!

ચૂંટલો :

લાઈફ એ સેલિબ્રેશન છે અને એને ઉજવવું જ જોઈએ પણ થર્ટી ફર્સ્ટની પાર્ટી એ ડર્ટી પાર્ટી બનીને આવે તો એનાં ઉઝરડાં રૂઝાવાનો કોઈક મલમ નથી, થર્ટી ફર્સ્ટ ઈઝ મસ્ટ પણ દારૂ અને શારીરિક છેડછાડ મારે સેફ્ટી ફર્સ્ટ.

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

લવ, વોર ઍન્ડ પીસ. હવે આપણે પીસની પણ વાત કરીએ. શાંતિ કોને ના ગમે? 'ભય બિના પ્રીત નાહિ...' એમ મીરાંબાઈએ ગાયું છે! નવાઈ લાગી ને? તમે કોઈ પણ પ્રેમીયુગલ જોઈ લો. પ્રિયજન આરંભમાં પ્રેમ ખાતર પ્રેમ કરે છે, એ પછી ભય ખાતર પણ પ્રેમ જારી રાખે છે! ઈટ્સ ડીપેન્ડઝ

ઍન્ડ ઈટ્સ હેપન્સ મે બી! બધા જ કિસ્સામાં એવું ના પણ બને. ઉંદરને બિલાડીનો ડર, બિલાડીને કૂતરાનો ડર, કૂતરાને માણસનો ડર અને માણસને પત્નીનો ડર. આ ચક્ર ચાલતું જ રહે છે.

શું તમે પ્રેમને ઢાંકેલો રાખી શકો? 'મરીઝ'ની એક ગઝલનો મક્તાનો શે'ર છે: "એકાદ હો તો એને છુપાવી શકું 'મરીઝ', આ પ્રેમ છે ને એના પુરાવા હજાર છે." કોઈ એકાદ કારણ હોય તો છુપાવી શકાય અથવા છુપાવવાનો પ્રયત્ન કરી શકાય. મહત્વની વાત એ કે પ્રેમ માટે કોઈ કારણ ન હોય. એથી જ 'મરીઝ' કહે છે કે હજાર કારણ છે, હજારો કારણ છે. તમે ક્યું કારણ બતાવી શકો. શક્ય જ નથી. પ્રેમની આ મહાનતા છે, પ્રેમની આ દિવ્યતા છે. પ્રેમની આ ઊંચાઈ છે. પ્રેમની ઊંચાઈએ કોઈ પહોંચી શકે નહીં.

ભયના સામેના પલ્લામાં-ત્રાજવામાં પ્રેમ છે. જે એકમેકને બાંધી રાખે પણ છે. હા, પીસની જગતને જરૂર છે. પ્રેમ શાંતિ, સુકુન આપે છે. પ્રેમ માત્ર પ્રેમ જ આપે છે, લિક્કાર નહીં. પ્રેમનો દરજ્જો ઊચ્ચ છે. ટોચ ઉપર, સૌથી ઉપર હવા પાતળી થઈ જાય છે. વધારાના ઓક્સિજનની જરુર પડે. પ્રેમ વધારાનો પ્રાણવાયુ છે. પ્રાણવાયુ જ તો જીવન બચાવે છે. પ્રેમને મૃત્યુનો ભય રહેતો નથી. શાંતિ આપે એનું નામ પ્રેમ. પ્રેમ ધર્મ છે અને પ્રેમ જ પૂજા. દુનિયામાં આજે ક્યાંય શાંતિનું નામોનિશાન નથી. એથી જ તો સહુ ધર્મના શરણે પણ જાય છે.

સ્ટોપર :

ધર્મો રક્ષતિ રક્ષત :